ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!



વન્ય વિરાસત સમાન રૂખડાનું પૌરાણિક વૃક્ષ માત્ર કાસોર ગામમાં...



## સોજિત્રા તાલુકાનું સૌથી મોટું વિકાસ સાથે સજધજતુ ગામ કાસોર

# કોસરું તળાવથી કાસોર: સદીઓની સંસ્કૃતિને સાચવીને વિકાસની કેડીએ આગળ વધતું ગામ

સોજીત્રા તાલુકાના કાસોર ગામની પોતાની આગવી ઓળખ અને ઐતિહાસિક ગાથા છે, કાસોર ગામના ઇતિહાસ, લોકવાયકા, સામાજિક સમરસતા અને વિકાસ–ચારેય પાસાં એકસાથે નજરે પડે છે. તાલુકાના વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ મહત્વ ધરાવતું કાસોર આજે આધુનિક ગ્રામ વિકાસ સાથે પોતાની પરંપરાઓ અને સામાજિક સંવાદિતાને પણ જાળવી રહ્યું છે. કાસોરના નામકરણ અંગે વયોવૃદ્ધ આગેવાનોમાં એક રસપ્રદ લોકવાયકા આજે પણ પ્રચલિત છે. ગાયકવાડ શાસનકાળ દરમિયાન અબોલ પશુ-પંખીઓના જીવનનિર્વાહ માટે ચરોતરના કેટલાક વિસ્તારોમાં તળાવો ખોદવામાં આવ્યા હતા. તેમાં કાસોર પંથકનું ‘કોસરું તળાવ’ મોટું તળાવ ગણાતું હોવાની સ્થાનિક માન્યતા છે. આ તળાવના નામ પરથી ‘કોસર’ અથવા ‘કાસર’ શબ્દ સમગ્ર વિસ્તાર માટે પ્રચલિત થયો અને સમયાંતરે અપભ્રંશ થતાં ગામનું નામ ‘કાસોર’ પડ્યું હોવાની લોકવાયકા વડીલો જણાવે છે.

સ્થાનિક વડીલોના મંતવ્ય મુજબ મુજબ કાસોરમાં વિક્રમ સંવત ૧૫૧૨ આસપાસ માનવ વસવાટ શરૂ થયો હોવાનું મનાય છે. મધ્યકાલીન સમયગાળામાં પ્રદેશમાં સત્તાપલટા અને રાજકીય પરિવર્તનો થયા ત્યારે અહીં વસતા નાગર પરિવારોમાંથી અનેક પરિવારો અન્યત્ર સ્થળાંતરિત થયા હોવાનો સ્થાનિક ઇતિહાસમાં ઉલ્લેખ મળે છે. વલભી રાજ્યના ઈ.સ. ૬૪૮ના તામ્રપત્ર સાથે જોડાતા ઉલ્લેખોના આધારે પણ કાસોર વિસ્તારમાં નાગર સમાજની પ્રાચીન હાજરી હોવાની વાત સ્થાનિક વડીલો દ્વારા કરવામાં આવે છે.જોકે આજે કાસોરમાં ક્ષત્રિય સમાજની વસ્તી નોંધપાત્ર છે. સાથે રબારી, પટેલ, વણિક, બ્રાહ્મણ, દેવીપૂજક, રાવળ, પ્રજાપતિ, વણકર, હરિજન સહિત વિવિધ સમાજના લોકો હળીમળીને વસવાટ કરે છે. ગામનો વિસ્તાર સમય સાથે વધતાં કાસોર આશરે ૧૩ પરાં સુધી વિસ્તર્યું છે. સોજિત્રા તાલુકા મથકથી ગામ આશરે ૧૫ કિમી દૂર આવેલું છે. કાસોરની વિશેષ ઓળખ શિક્ષણ, રોજગાર, વ્યવસાય, ખેતી, સામાજિક સંસ્થાઓ અને ગામના વિકાસમાં સ્થાનિક તેમજ બહાર વસતા પરિવારોના યોગદાનથી બની છે. એક તરફ પ્રાચીન વસાહત અને લોકવાયકાઓ કાસોરની ઓળખને ઐતિહાસિક ઊંડાણ આપે છે, તો બીજી તરફ આધુનિક સુવિધાઓ, શિક્ષણ અને ગ્રામોત્થાનની પ્રવૃત્તિઓ ગામને નવી દિશા આપે છે.

**વિક્રમ સંવત ૧૫૧૨થી માનવવસવાટનીલોકવાયકા, ૧૩ પરાંમાં વિસ્તરેલું કાસોર આજે સામાજિક સમરસતા અને ગ્રામોત્થાનની આગવી ઓળખ**




## દાતાઓ સખાવત થકી પ્રવેશદ્વાર સમાજવાડી અને ધાર્મિક સ્થળોના નિર્માણ કરાવી માતૃભૂમિ પ્રત્યેનું ઋણ અદા કરે છે







સોજિત્રા તાલુકાનું કાસોર ગામ પોતાની આગવી સામાજિક અને સાંસ્કૃતિક ઓળખ સાથે વતનપ્રેમની અનોખી પરંપરા જાળવી રહ્યું છે. ગામના પટેલ સમાજના અનેક પરિવારો રોજગાર અને ઉજ્જવળ ભવિષ્યની તલાશમાં વર્ષો પહેલાં વિદેશમાં સ્થાયી થયા હતા. આજે અમેરિકા, યુકે અને કેનેડા સહિત વિશ્વના વિવિધ દેશોમાં વસવાટ કરતા કાસોરના વતનીઓ ભલે સાત સમુદ્ર પાર રહેતા હોય, પરંતુ તેમના હૃદયમાં પોતાની જન્મભૂમિ પ્રત્યેનો લગાવ હજુ પણ એટલો જ ગાઢ છે. વિદેશની ધરતી પર સફળ જીવન જીવી રહેલા આ NRI પરિવારજનો ગામના વિકાસકાર્યોમાં આર્થિક સહયોગ આપી પોતાની માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ભાવના સાકાર કરી રહ્યા છે. કાસોરમાં જ્યારે પણ ગ્રામોત્થાન માટે કોઈ જરૂરિયાત ઊભી થાય ત્યારે વતન સાથે જોડાયેલા દાતાઓ આગળ આવી સખાવત કરી રહ્યા છે. તેમની આ સેવાભાવનાએ ગામના જાહેર અને સામાજિક માળખાને પણ નવી ઓળખ આપી છે. દાતાઓના સહયોગથી ગામમાં ભવ્ય પ્રવેશદ્વાર, સમાજવાડી, ચબુતરા સહિત વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. ધાર્મિક સ્થળોના વિકાસ અને જાળવણીમાં પણ વિદેશ વસતા વતનીઓનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. આ વિકાસકાર્યો વતન સાથે જોડાયેલા લાગણીના સેતુ સમાન છે. કાસોરના NRI પરિવારજનોની આ પરંપરા નવી પેઢી માટે પણ પ્રેરણારૂપ બની છે. વિદેશમાં વસ્યા બાદ પણ જન્મભૂમિ પ્રત્યેની જવાબદારી ભૂલવી નહીં અને પોતાના ગામના સર્વાંગી વિકાસમાં યથાશક્તિ યોગદાન આપવું–આ ભાવના કાસોરની આગવી ઓળખ બની રહી છે. સાત સમુદ્ર પાર વસવાટ છતાં વતનની માટી સાથેનું અતૂટ જોડાણ કાસોરના NRI પરિવારોના વતનપ્રેમની જીવંત ગાથા બની રહ્યું છે.

**પેઢીઓથી ગામ સાથે જોડાયેલા પરિવારો દેશ-વિદેશમાં વસવાટ કરતા હોવા છતાં માતૃભૂમિ સાથેનું જોડાણ જાળવી રાખે છે.**

## કાસોર ટાઉન ટોક

### -: કાસોર ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 2680 |
| કુલ વસ્તી | 13057 |
| કુલ પુરૂષો | 6789 |
| કુલ સ્ત્રીઓ | 6268 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 84.79 |
| પુરૂષ સાક્ષરતા દર | 92.09 |
| સ્ત્રી સાક્ષરતા દર | 77.00 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 1043 |
| ખેત મજૂર | 2923 |
| સીમાંત વર્ગ | 1972 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 665 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 1611 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 7011 |
| ગાય | 1270 |
| ભેંસ | 5229 |
| અન્ય | 512 |

### -: જમીન ક્ષેત્રફળ :-

1366 હેક્ટર 41 આરે 45 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 01 હેક્ટર 39 આરે 31 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 08 |
| માધ્યમિક શાળા | 02 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 1995 |

### -: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા 3193

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 2520 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 05 |
| ખેતી વિષયક જોડાણ | 180 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો 1340

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 2391 |
| BPL કાર્ડ ધારકો | 924 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 225 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 683 |
| વિધવા સહાય | 501 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 23 |